ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગેસ કાંડ જેવી હોનારતનો ખતરો | **લીંબાસી નજીક કોનકોર્ડ બાયોટેકની ઘોર બેદરકારી અને ગંભીર ગેરરીતિનો પર્દાફાશ**

બલ્ક ડ્રગ્સની આડમાં રસાયણોનાં ઉત્પાદનનું કૌભાંડ

ક્લોઝર નોટિસ આપી ગુનો દાખલ નહીં થાય તો એનજીટીના દ્વાર ખટખટાવવાની અને ઉગ્ર આંદોલનની ચેતવણી ઉચ્ચારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

માતર તાલુકાના લીંબાસી અને રણાસર રોડ પર આવેલી મેસર્સ કોનકોર્ડ બાયોટેક લિમિટેડ (યુનિટ-૩) દ્વારા પર્યાવરણીય નિયમો અને સરકારી ધારાધોરણોને નેવે મૂકીને સ્થાનિક રહીશોના જીવ તથા પર્યાવરણ સાથે મોટો ખેલ ખેલાયો હોવાના ચોંકાવનારા દસ્તાવેજી પુરાવા બહાર આવ્યા છે. કંપની દ્વારા લોકસુનાવણી વગર ઉત્પાદનનો મૂળ હેતુ બદલીને બલ્ક ડ્રગ્સના બદલે અત્યંત ઝેરી રાસાયણિક પદાર્થોનું ઉત્પાદન શરૂ કરી દેવાતા સમગ્ર વિસ્તાર ગંભીર આરોગ્ય આપત્તિના મોઢામાં ધકેલાઈ ગયો છે.

પ્રાપ્ત દસ્તાવેજી વિગતો અનુસાર, કંપની દ્વારા ૧૮મી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ માત્ર ૬૬ લોકોની નામના પૂરતી હાજરીમાં લોકસુનાવણી દર્શાવીને કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય પાસેથી ૯મી એપ્રિલ ૨૦૨૦ના રોજ બલ્ક ડ્રગ્સ બનાવવા માટે મંજૂરી મેળવવામાં આવી હતી. પરંતુ બાદમાં વર્ષ ૨૦૨૨માં કોઈપણ નવી લોકસુનાવણી કર્યા વગર કે સ્થાનિક ગ્રામ પંચાયતોને જાણ કર્યા વગર પાંચમી એપ્રિલ, ૨૦૨૨ના રોજ સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ્સ અને ડાઈઝ

બનાવવા માટેની મંજૂરી મેળવી લેવામાં આવી હતી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમો મુજબ ડાઈઝ અને સિન્થેટિક કેમિકલના એકમો 'રેડ કેટેગરી'માં આવે છે, તેમ છતાં પ્રજાના આરોગ્યની પરવા કર્યા વિના આ ખતરનાક ફેરફાર કરાયો હતો.

આ અંગે કંપનીના સત્તાવાર દસ્તાવેજોમાં થયેલા ખુલાસા મુજબ, અહીં પ્લાન્ટમાં 'એસીટોનાઇટ્રાઇલ' નામનું અત્યંત ઝેરી રસાયણ વપરાય છે, જે માનવ શ્વાસમાં જતાં જ હાઇડ્રોજન સાયનાઇડમાં પરિવર્તિત થઈ જાય છે. આ ઉપરાંત મગજ અને ચેતાતંત્રને કાયમી નુકસાન પહોંચાડતું ટોલ્યુઇન, ફેફસાં બાળી નાખતો એમોનિયા ગેસ તેમજ સલ્ફ્યુરિક એસિડનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. ઉચ્ચ જ્વલનશીલ

કેન્સર અને શારીરિક ખોડખાંપણની ભીતિ અને જમીન બંજર થવાનો ખતરો

અત્યંત જોખમી કેમિકલ પ્રક્રિયાઓમાંથી ઉત્સર્જિત થતાં વોલેટાઇલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ, ક્લોરિન અને હાઇડ્રોજન સલ્ફાઇડના કારણે માલાવાડા અને લીંબાસી પંથકમાં સતત દુર્ગંધ વ્યાપેલી રહે છે. જેના કારણે લોકોનું ઘરમાં રહેવું અને શ્વાસ લેવું દુષ્કર બની ગયું છે. ભૂગર્ભમાં રાસાયણિક કચરો ઉતરવાથી ફળદ્રુપ જમીન બંજર બનવાની ભીતિ છે, જ્યારે દૂષિત પાણીના કારણે આવનારી પેઢીઓમાં કેન્સર, અસ્થમા અને શારીરિક ખોડખાંપણ વાળી બીમારીઓ ફેલાવાની ભયાનક દહેશત વર્તાઈ રહી છે.

એસીટોન અને ઈથાઈલ એસિટેટના વપરાશને કારણે સહેજ પણ શરતચૂક થાય તો ભોપાલ ગેસ કાંડ જેવી ભયાનક માનવસર્જિત હોનારત સર્જાવાની પૂરી શક્યતા રહેલી છે.

આથી, સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે હવે ગાંધીનગર જીપીસીબી અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા કંપનીને તાત્કાલિક ક્લોઝર નોટિસ જારી કરવામાં આવે તેવી માંગણી બુલંદ બની છે. જો આ પ્રદૂષિત એકમની મંજૂરીઓ રદ કરી તેના સંચાલકો સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં નહીં આવે, તો ગ્રામજનોએ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં ધા નાખીને ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપી છે.

જીપીસીબીના અધિકારી ન ફરકતાં રોષે ભરાયેલા ગ્રામજનોનો કંપનીમાં હલ્લાબોલ

આ વિસ્તારમાં પ્રદૂષણની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ૨૩મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦:૩૦ કલાકે અચાનક અસહ્ય રાસાયણિક દુર્ગંધ ફેલાતાં લોકો અકળાઈ ઉઠ્યા હતા. ગ્રામજનોએ નડિયાદ જીપીસીબીના અધિકારીને સ્થળ તપાસ માટે બોલાવ્યા છતાં કોઈ અધિકારી ફરક્યા ન હતા. આખરે સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે રોષે ભરાયેલા ગ્રામજનોએ જાતે જ કંપની પરિસરમાં જઈને હલ્લાબોલ કર્યો હતો.

પરીએજ પક્ષી અભયારણ્ય સામે મોટું સંકટ

કેમિકલ ઉત્પાદન કરતા એકમો માત્ર જીઆઈડીસી વિસ્તારમાં જ હોવા જોઈએ તેવા નિયમોની સંપૂર્ણ અવહેલના કરીને ખેતીની જમીન અને રહેણાંક આસપાસ આ પ્લાન્ટ ધમધમાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય સ્તરે જાણીતા પરીએજ ઈકો ટુરિઝમ અને સંવેદનશીલ જળપ્લાવિત ક્ષેત્રથી આ પ્લાન્ટ માત્ર ૧૦ કિલોમીટરના અંતરે હોવા છતાં તેને મંજૂરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત પ્લાન્ટની પાછળના ભાગેથી ગુપ્ત પાઈપલાઈન નાખીને સિંચાઈની કેનાલમાં પ્રદૂષિત પાણી છોડાતું હોવાનો ગંભીર આક્ષેપ પણ ગ્રામજનો કરી રહ્યા છે.

સંતરામપુરમાં કાકાએ લાફા ઝીંકતાં યુવકનો આપઘાત

પત્ની સાથે વિવાદમાં પંચે ઠપકો આપતાં કાકાએ જાહેરમાં માર્યો હતો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.24

સંતરામપુર તાલુકાના શીર ગામે કુટુંબી કાકા દ્વારા પત્ની સાથે અવારનવાર ફોન પર વાત કરવાના વિવાદમાં ગામના પંચ સમક્ષ જાહેરમાં માર મારી અપમાનિત કરાતાં આઘાત પામેલા ૩૫ વર્ષીય પરિણીત યુવક શૈલેષ હુવરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો છે.

મળતી માહિતી અનુસાર, શીર ગામના મુખ્ય ફળિયામાં રહેતા ૬૦ વર્ષીય ખેડૂત પ્રતાપભાઈ માલાભાઈ હુવરનો મોટો પુત્ર શૈલેષ જામનગર ખાતે ડમ્પર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા સાડા ત્રણ માસથી તેમના કુટુંબી કાકા જેઠાભાઈ માનસીંગભાઈ હુવર શૈલેષની પત્ની ધર્મિષ્ઠાબેનને અવારનવાર ફોન કરીને વાતચીત કરતા હતા. આ બાબતે પતિ-પત્ની વચ્ચે તકરાર થતાં ધર્મિષ્ઠાબેન પોતાના પુત્રને લઈને પિયર જતી રહી હતી.

આથી, શૈલેષે ૨૧મી ઓક્ટોબરના રોજ આગેવાનો અને પંચ ભેગું કર્યું હતું. પંચ સમક્ષ શૈલેષે વ્યથા રજૂ કરતાં આગેવાનોએ જેઠાભાઈને ઠપકો આપ્યો હતો. આથી જેઠાભાઈએ શૈલેષને જાહેરમાં લાફા ઝીંકી દીધા હતા. આથી, ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલા શૈલેષે સમાજ ઘર પાછળ જઈ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ અંગે પોલીસે મૃતકના પિતાની ફરિયાદ પરથી જેઠાભાઈ માનસીંગભાઈ હુવર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

જમીન માપણી વિભાગના કર્મચારીઓના વાહનોના કાચ તોડી ચોરી થયાની ઘટના બની

મહેમદાવાદ મામલતદાર કચેરી બહાર તસ્કરો મહત્વના દસ્તાવેજો ચોરી ગયાં

ધોળે દિવસે બનેલી ઘટનાથી અધિકારીઓ પણ દોડતાં થયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

મહેમદાવાદ મામલતદાર કચેરીની બહાર પાર્ક કરવામાં આવતા વાહનો હવે અસુરક્ષિત બન્યા છે. કચેરી બહાર પાર્ક કરેલી જમીન માપણી વિભાગના બે કર્મચારીઓની કારના કાચ તોડી અંદરથી અગત્યના કાગળો ભરેલી બેગની ચોરી થવાની ગંભીર ઘટના સામે આવી છે. આ અંગે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહેમદાવાદ મામલતદાર કચેરી ખાતે દરરોજ મોટી

સંખ્યામાં અરજદારો અને અધિકારીઓની અવરજવર રહેતી હોય છે. કચેરી પરિસર બહાર આવેલી ખુલ્લી જગ્યામાં વાહનો પાર્ક કરવામાં આવે છે, જેને હવે તસ્કરો પોતાનું ટાર્ગેટ બનાવી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મામલતદાર કચેરીમાં જમીન માપણી વિભાગમાં ફરજ બજાવતા એક અધિકારી અને એક કર્મચારીએ પોતાની પ્રાઇવેટ ગાડીઓ કચેરીની બહાર પાર્ક કરી હતી. આ દરમિયાન અજાણ્યા ઈસમોએ બંને ગાડીઓના કાચ તોડી નાખ્યા હતા અને અંદર તપાસ કરીને અગત્યના દસ્તાવેજો ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ધોળે દિવસે સરકારી કચેરી બહાર બનેલા આ બનાવને પગલે કર્મચારીઓ તેમજ અન્ય વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઘટના અંગે કર્મચારીઓએ તુરંત મામલતદારને જાણ કરી હતી. મામલતદાર કચેરીમાં જમીન માપણી વિભાગમાં ફરજ બજાવતા એક અધિકારી અને એક કર્મચારીએ પોતાની પ્રાઇવેટ ગાડીઓ કચેરીની બહાર પાર્ક કરી હતી. આ દરમિયાન અજાણ્યા ઈસમોએ બંને ગાડીઓના કાચ તોડી અંદરથી અગત્યના કાગળો ભરેલી બેગની ચોરી થવાની ગંભીર ઘટના સામે આવી છે. આ અંગે પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ મામલતદારે સ્થાનિક પોલીસનો સંપર્ક કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લાંભવેલના નરાધમ શખ્સે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું

સગીરા ગર્ભવતી બનતાં સમગ્ર મામલાનો ભાંડો ફુટ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.24

આણંદ શહેરમાં ૧૪ વર્ષની સગીરાને જાળમાં ફસાવી અવારનવાર શારીરિક સંબંધ બાંધી ગર્ભવતી બનાવી દેવાની શરમજનક ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર સગીરાના પરિવારે હિંમત દાખવી ફરિયાદ નોંધાવતા આણંદ ટાઉન પોલીસે લાંભવેલના શખ્સ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ આણંદ તાલુકાના લાંભવેલ ગામનો વતની અને હાલ આણંદ ખાતે રહેતો સંજય મફતભાઈ રાઠોડે એક સગીરા પર મેલી નજર ધરાવતો હતો. ગત ૧૨મી મે, ૨૦૨૬ના રોજ સાંજે સાડા ચારેક વાગ્યે સંજયે સગીરાને પોતાની જાળમાં ફસાવી હતી. બાદમાં સગીરાની મરજી વિરુદ્ધ અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો, જેના કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી.

આ કૃત્ય બાદ આરોપીએ સગીરાને આ અંગે કોઈને વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, ગભરાયેલી સગીરા અને પરિવારે હિંમત દાખવી આણંદ ટાઉન પોલીસ મથકે પહોંચી વિધિવત ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ આધારે પોલીસે સંજય રાઠોડ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સગીરાને પ્રેમજાળમાં ફસાવી તેને ભગાડી જવા કે દુષ્કર્મ ગુજારવાના કિસ્સા વધી રહ્યાં છે. આ અંગે જાગૃતિ લાવવા માંગ ઉઠી છે.

તસ્કરો ગોડાઉનની લોખંડની ગ્રીલ તોડી તસ્કરો 4 બોરી ચોરી ગયા

ઠાસરાની ફેક્ટરીમાંથી ૩ લાખથી વધુની ૮૦ કિલો ઈલાયચીની ચોરી

સીસીટીવીમાં ઘટના કેદ થતાં ઠાસરા પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

ઠાસરા રેલ્વે સ્ટેશન પાછળ આવેલી કિષ્ના એક્ષપોર્ટસ પ્રાઇવેટ લીમીટેડ નામની ફેક્ટરીના ગોડાઉનની લોખંડની ગ્રીલ તોડીને અજાણ્યા તસ્કરો રૂા.૩,૦૨,૪૦૦ની કિંમતની ૮૦ કિલો ઈલાયચી ચોરી ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે. સીસીટીવી ફૂટેજના આધારે બનાવ અંગે ઠાસરા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવાતા પોલીસે તસ્કરોનું પગેરું મેળવવા સઘન તપાસ શરૂ કરી છે.

આણંદ ખાતે રહેતા ઘનશ્યામ ભાગવાણી ઠાસરામાં એક્સપોર્ટનો વ્યવસાય કરે છે, જ્યાં મસાલા અને કઠોળ પ્રોસેસ કરીને વિદેશમાં મોકલવામાં આવે છે. તેમણે ગત ૫ ઓક્ટોબરના રોજ તામિલનાડુથી ૧ ટન ઈલાયચીનો જથ્થો મંગાવ્યો હતો, જેને ફેક્ટરીના પેકેજીંગ રૂમમાં રાખવામાં આવ્યો હતો. ગત ૧૭ ઓક્ટોબરના રોજ કામદારો દ્વારા પેકિંગ કરતી વખતે ૮૦ કિલો ઈલાયચી ઓછી માલૂમ પડી હતી.

ઈલાયચી ગુમ થતાં સંચાલકોએ ફેક્ટરીના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા. જેમાં ગત ૧૪ ઓક્ટોબરના રોજ રાત્રે આશરે ૮ વાગ્યાના સુમારે અજાણ્યા તસ્કરો ગોડાઉનની લોખંડની ગ્રીલ તોડીને અંદર પ્રવેશતા અને ઈલાયચી ભરેલા ૪ કટ્ટા ચોરીને લઈ જતા નજરે પડ્યા હતા.

પ્રથમ તબક્કે કર્મચારીઓની આંતરિક પૂછપરછ કર્યા બાદ ચોરી અંગે કોઈ માહિતી ન મળતાં, આખરે ૨૩ ઓક્ટોબરના રોજ ઠાસરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ૧ કિલોના રૂા. ૩,૭૮૦ લેખે કુલ ૮૦ કિલો ઈલાયચીની ચોરીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ :અનેરીહાઈટ્સમાં યુવાન પર બે વખત હુમલો

ગણપતિ અને દશેરા પર્વ દરમિયાન બબાલ કરી ધમકી આપી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદના જૂના ડુમરાલ રોડ પર આવેલી અનેરી હાઈટ્સ સોસાયટીમાં રહેતા અને ફાઈનાન્સનો વ્યવસાય કરતા દલિત યુવાન મનિષ ગણપતભાઈને સોસાયટીના જ રહીશ હિરેન પંકજ બ્રહ્મભટ્ટે મારી નાખવાની ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે.

નડિયાદની અનેરી હાઈટ્સ સોસાયટીમાં ગત ૨૧મી સપ્ટેમ્બરના રોજ રાત્રિના પોણા ૧ વાગ્યાના સુમારે અનેરી હાઈટ્સમાં ગણપતિ મહોત્સવમાં રાસ-ગરબા દરમિયાન મનિષ એનાઉન્સમેન્ટ કરી રહ્યો હતો. તે સમયે હિરેન બ્રહ્મભટ્ટે ધસી આવી અપશબ્દો બોલી માઈક બંધ કરવા દબાણ કર્યું હતું અને ઉશ્કેરાઈને મારામારી કરી હતી. આ દરમિયાન વચ્ચે પડેલા ચિરાગ બારોટ નામના રહીશના માથાના ભાગે કોઈ વસ્તુ મારી લોહીલુહાણ કરી દીધા હતા. તે સમયે અંદરોઅંદર સમાધાન કરાવી લીધું હતું.

ગત ૨૧મી ઓક્ટોબરના રોજ દશેરા પર્વ પૂર્ણ થયા બાદ રાત્રે મનિષ અને કમિટી મેમ્બરો સામાન મૂકવાની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે હિરેન મોટરસાયકલ પર આવી ફરીથી જાતિવિષયક અપશબ્દો બોલવા લાગ્યો હતો. તેણે ગર્ભિત ધમકી આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી તું મારા ધ્યાનમાં છે, હવે તને કોઈ કમિટી વાળા બચાવી નહીં શકે. વારંવારની ધમકી અને કનડગતથી કંટાળીને મનિષે સોસાયટીના સભ્યો સાથે પરામર્શ કરી નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

ચકલાસી નગરપાલિકાના ઈજનેર અજય બારૈયા ચાર્જ સંભાળશે

આખરે, નડિયાદ મનપામાં નવા એન્જીનિયરની નિમણૂક કરાઈ

દોઢ માસ બાદ ચિરંજન પટેલને કરાશે રીલીવ

શહેરના વિકાસ પ્રોજેક્ટોની રહેશે મહત્વની જવાબદારી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૪

નડિયાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ એન્જીનિયર ચિરંજન પટેલની બદલી થયાના દોઢ માસ બાદ અંતે સરકારે તેમના સ્થાને નવા એન્જીનિયર તરીકે અજય બારૈયાની નિમણૂક કરી છે.

નડિયાદ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા મ્યુનિસિપલ એન્જીનિયર ચિરંજન પટેલની ગત 5 સપ્ટેમ્બર 2026ના રોજ દહેગામ નગરપાલિકા ખાતે બદલી કરવામાં આવી હતી. જોકે, નડિયાદમાં નવા કોઈ એન્જીનિયર મુકાયા ન હોવાથી અને આ જગ્યા ખાલી રાખી શકાય તેમ ન હોવાથી, મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા તેમને દોઢ માસ સુધી રીલીવ કરવામાં આવ્યા નહોતા.

અંતે સરકાર દ્વારા ચકલાસી નગરપાલિકાના એન્જીનિયર અજય બારૈયાને નડિયાદ મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ એન્જીનિયર તરીકે નીમવામાં આવ્યા છે. અજય બારૈયા આગામી 26 ઓક્ટોબર (સોમવાર)ના રોજ નડિયાદ ખાતે હાજર થઈ પોતાનો ચાર્જ સંભાળશે, જેના બાદ જ ચિરંજન પટેલને વિધિવત રીતે રીલીવ કરવામાં આવશે.

નોંધનીય છે કે, અજય બારૈયા અગાઉ જ્યારે નડિયાદ નગરપાલિકા હતી તે સમયે પણ ઈજનેર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે, જેથી તેઓ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ અને સ્થાનિક બાબતોથી સારી રીતે વાકેફ છે. હવે નડિયાદ શહેરના વિકાસના અનેક પ્રોજેક્ટો આગળ ધપાવવાની મહત્વની જવાબદારી તેમના શિરે રહેશે. બીજી તરફ, ચિરંજન પટેલે પણ નડિયાદ મહાનગરપાલિકા બન્યા બાદના અનેક મોટા અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટોમાં પોતાની સક્રિય ભૂમિકા ભજવી હતી.

મનપામાં અધિકારીઓની અછત વચ્ચે કામ ઝડપથી થાય તે માટે કાર્યવાહી હાથ ધરાઈ છે.

આણંદને મુખ્યમંત્રીના હસ્તે રૂા. ૧૦.૬૩ કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ

રૂા. ૨.૮૪ કરોડના ૪ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને રૂા. ૭.૭૯ કરોડના ૧૩ પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે અમદાવાદના અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતેથી 'ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર'ના ભૂમિપૂજન સાથે રાજ્યવ્યાપી વિવિધ આરોગ્ય સંસ્થાઓના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત આણંદ જિલ્લાને કૂલ રૂ. ૧૦.૬૩ કરોડના ખર્ચે ૧૭ જેટલા વિવિધ આરોગ્ય પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે. રાજ્યના છેવાડાના માનવી સુધી અદ્યતન સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે આણંદ જિલ્લાના આરોગ્ય ક્ષેત્રે આ નવો અધ્યાય શરૂ થયો છે.

આણંદ જિલ્લામાં રૂ.૨.૮૪ કરોડના ખર્ચે ૪ પ્રકલ્પોનું

વિધિવત ઈ-લોકાર્પણ કરી જનતાની સેવામાં સમર્પિત કરવામાં આવ્યા છે. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીણજ તેમજ આયુષ્માન આરોગ્ય કેન્દ્ર ભુવેલ, અહીંમા અને બિલપાડનો સમાવેશ થાય છે. આ નવીન સુવિધાઓથી ગ્રામીણ વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક તબીબી સારવાર મળી રહેશે.

આણંદમાં આરોગ્ય માળખાને વધુ મજબૂત કરવાના ભાગરૂપે રૂ.૭.૭૯ કરોડના ખર્ચે ૧૩ પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જેમાં આયુષ્માન આરોગ્ય મંદિર કાનાવાડા, દુગારી, પોરડા, ચાંગા, સુણાવ, પામોલ, બદલપુર, પીપળોઈ, કાળીતલાવડી, રાલજ ઉપરાંત શહેરી આરોગ્ય કેન્દ્ર માછીપુરા (ખંભાત), પી. પી. યુનિટ (આણંદ) અને તાલુકા આરોગ્ય કચેરી (ખંભાત)નો સમાવેશ થાય છે.

આણંદના ગામડી ગામમાં પી. પી. યુનિટ ખાતે યોજાયેલ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કરમસદ - આણંદ મનપાના કમિશનર આર.એન. ડોડીયા, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી અને કોર્પોરેટર્સના હસ્તે ખાતમુહૂર્ત સંપન્ન કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર પિયુષ પટેલ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

નડિયાદ
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225